Volume : 2 | Issue : 2 | february 2013 ISSN - 2250-1991

Research Paper Literature

# Aachrya Mammat ni Kavyalaxan Vibhavana: Ek Adhyayan

## આચાર્ય મમ્મટની કાવ્યલક્ષણ વિભાવના : એક અધ્યયન

* Lamba Ajay Kumar Pratap Bhai

* Govt. Arts & Commerce College, Padaddhari, Rajkot

આચાર્ય મમ્મટ અને તેમના કાવ્યપ્રકાશનું સંસ્કૃત કાવ્યશાસ્ત્રમાં અદ્વિતીય સ્થાન ધરાવે છે. અલં કરશાસ્ત્રના ક્ષેત્રમાં આવતા લગભગ બધા જ વિષયોને એમણે કાવ્યપ્રકાશના દસ ઉલ્લાસોમાં સમાવી લીધા છે. મમ્મટે 'કાવ્યપ્રકાશ' ના આરંભમાં મંગલાચારણ કરે છે, જેમાં કવિવાણી અર્થાત્ કાવ્ય અને એ દ્વારા સરસ્વતીનું જ સ્મરણ કરી લીધું છે. ત્યારબાદ બીજી કારિકામાં અનુબંધ ચતુષ્ટય મુજબ કાવ્યના પ્રયોજનોની ચર્ચા કરે છે. પછી તૃતીય કારિકામાં કાવ્ય ઉત્પતિના કારણરૂપ શક્તિ, નિપુણતા અને અધ્યાસનો નિર્દેશ કરી પછી સીધા જ કાવ્યની વ્યાખ્યા આપતા કહે છે કે 'દોષરહિત, ગુણયુક્ત તેમજ ક્યાંક વ્યાખ્યામાં તેમના પૂર્વેના કાવ્યશાસ્ત્રીયઓએ જે કાવ્યના મહત્ત્વના તત્ત્વોનો ઉલ્લેખ કર્યો છે તે બધાને મમ્મટે વ્યાખ્યામાં આપવાનો પ્રયાસ કર્યો છે.

આચાર્ય મમ્મટે જે વ્યાખ્યા આપી તેમાં શબ્દાર્થોના ત્રણ વિશેષણો દર્શાવ્યા છે. તેમણે કાવ્યને શબ્દ અને અર્થ દ્વારા નિષ્પન્ન થતું દર્શાવ્યું છે અર્થાત મમ્મટ તેમના પૂર્વ અલંકારિકો ભામહ વગેરેના વિચારોને અપનાવી 'શબ્દાર્થો કાવ્યમ' માં માનનારાં છે. આપણા કાવ્યશાસ્ત્ર પર દષ્ટિપાત કરતા ખ્યાલ આવશે કે શબ્દ અને અર્થને કાવ્યનું શરીર માનવામાં આવે છે પરંતુ તેમાં શબ્દ અને અર્થમાં પ્રધાન તત્ત્વ કયું ? તે બાબતે બે વિચારધારા અસ્તિત્વમાં આવી એક કેવળ શબ્દાવાદી અને એક શબ્દાર્થવાદી આમ મમ્મટ શબ્દાર્થવાદી આલંકારિક છે.

કાવ્યનો દેશ શબ્દાર્થનો બનેલો છે. કવિ પોતાના વિચારો, ભાવોને શબ્દ દ્વારા રજૂ કરે છે અને આ શબ્દો એક ચોકકસ અર્થ લઈને આવે છે આમ શબ્દ અને અર્થ સાથે મળીને કાવ્ય બને છે. આચાર્ય ભામહે પણ કાવ્યની વ્યાખ્યા આપતા કહ્યું છે કે 'શબ્દ અને અર્થ'ના સહિતત્ત્વને કારણે જ કાવ્ય બને છે.૧ આમ પ્રથમ આલંકારિકાથી માંડીને જગન્નાથ તેમજ તે પછીના મોટા ભાગના આલંકારિકો શબ્દાર્થ યુગલને કાવ્ય ગણાવે છે જગન્નાથ 'રમણીય અર્થ પ્રતિપાદન કરનાર શબ્દ ને કાવ્ય કહે છે.૨

આ શબ્દાર્થોના ત્રણ વિશેષણો આપતા કહયું છે કે તે શબ્દાર્થો દોષ વિનાના, ગુણયુક્ત અને કયારેક અલંકાર વિનાના હોવા જોઈએ. કાવ્યમાં શબ્દના કે અર્થન દોષો ન હોવા જોઈએ. દોષ એટલા માટે ન હોવા જોઈએ કે દોષ એ રસનો અપકર્ષ કરનારા હોવાથી, કોઈપણ સંજોગોમાં કાવ્ય દોષયુક્ત સ્વીકાર્ય બની શકે નહીં. પ્રાચીન કાવ્યશાસ્ત્રીઓ પણ કાવ્યમાં દોષને સ્વીકારતા નથી. ભામહ કહે છે, 'કાવ્ય ન રચવાથી અધર્મ, કે દંડ થતો નથી પણ જો કુ–કાવ્યની રચના કરીએ તો તે સાક્ષાત મૃત્યુ જ છે. આવ કાવ્ય કુ–પુત્રની જેમ નિંદાપાત્ર બને છે.૩ તેમજ આલં કારીક દંડી પણ કાવ્યમાં દોષને શરીર ઉપરના કોઢ સમાન ગણાવે છે.૪ આમ કાવ્ય અદોષ હોવું એ મમ્મટને અભિપ્રેત છે.

કાવ્યલક્ષણમાં શબ્દાર્થોના બીજા વિશેષણ તરીકે મમ્મટ 'સગુણો' ને સ્વીકારે છે. કાવ્યમાં પ્રસાદ, માધુર્ય વગેરે ગુણો હોવો જોઈએ. ગુણોએ રસના નિત્યધર્મો છે. આ ગુણો જ રસનો ઉત્કર્ષ કરનારા છે. અહીં મમ્મટની કાવ્યની વ્યાખ્યામાં 'સગુણો' ના નિર્દેશથી રસનું ગ્રહણ થઈ જાય છે. આમ, મમ્મટને જેમ શૌર્ય વગેરે ગુણો આત્માના છે તેમ માધુર્ય વગેરે ગુણો રસરૂપી આત્મ જોડે સંબંદ્ધ હોય તેવુ અભિપ્રેત છે.

મમ્મટ કાવ્યમાં કયાંક અલંકાર વિનાના શબ્દ અને અર્થને પણ કાવ્ય ગણાવે છે. મમ્મટ કાવ્યમાં અલંકારને મહત્ત્વના ગણે છે. તેઓ અલંકારને કટકકુંડળ સમાન અલંકારો ગણાવે છે. આથી તેઓ કહે છે કે કાવ્ય મહદઅંશે અલંકૃત હોવું જોઈએ પરંતુ જો કયાંય અલંકારન હોય તો તેથી કાવ્યત્વને કાંઈ હાનિ થતી નથી. આ માટે મમ્મટ એક શ્લોકનું ઉદાહરણ આપી સમજાવે છે કે –

'જેણે કૌમાર્યનો ભંગ કરેલો તે વર છે, તે જ ચૈત્રની રાત્રિઓ છે, ખીલેલાં માલતી પુષ્પોને લીધે સુ વાસિત કદંબના પ્રોઢ પવનો પણ તે જ છે અને હું પણ તે જ છું. છતાં, રેવાનદીના કાંઠે, નેતરના વૃક્ષની નીચે પેલી સુરતકાર્યની વિલાસ ક્રિડાઓમાં મારું ચિત ઉત્કંઠિત છે.૫

અહીં આ શ્લોકમાં કોઈ સ્ફૂટ રીતે અલંકાર ન હોવા છતાં એક સરસ શૃંગારિક કાવ્ય છે. આમ, કાવ્યમાં કયારેક સ્પષ્ટરૂપમાં ન હોય તો પણ કાવ્યત્વને કોઈ હાની પહોંચતી નથી તેવો મમ્મટનો અભિપ્રયા છે અહીં મમ્મટ કાવ્યમાં અલંકારના તત્ત્વને અનિવાર્ય ગણતા નથી. આચાર્ય ભામહ, દંડી વગેરે અલંકારવાદી આચાર્ય છે. જયારે મમ્મટે સમન્વયવાદી દષ્ટિકોણ અપનાવ્યો છે.

આચાર્ય મમ્મટ પછીનાં ઘણા બધા અલંકારવાદી આચાર્યો એ અનલંકૃતિ ને આગળ ધરી કાવ્યની વ્યાખ્યાઓ આપી છે પરંતુ ચંદ્રાલોકના કર્તા જયદેવ કહે છે. 'જે કાવ્યને અલંકાર વિનાનું સમજે છે તેઓ અગ્નિને ઉષ્ણતા વિના કલ્પે છે.૬ પરંતુ વિદ્વાન આલોચકો જયદેવના આ અભિપ્રાયને વધારે પડતું માને છે.

આચાર્ય મમ્મટની કાવ્ય–વ્યાખ્યાને ઐતિહાસિક દષ્ટિએ સમીક્ષા કરીએ તો–

અદોષૌ શબ્દાર્થૌ :

આચાર્ય મમ્મટના કાવ્ય–લક્ષણને પ્રથમ અંશ 'અદોષૌ' છે. પ્રથમ આલંકારિક આચાર્ય ભામહનું કાવ્ય–લક્ષણ છે. 'શબ્દાર્થૌ સહિતૌ કાવ્યમ્ ।' શબ્દ અને અર્થ મળીને કાવ્ય બને પરંતુ આચાર્ય ભામહે શબ્દ અને અર્થનો સહિત ભાવ કેવો હોવો જોઈએ તે બાબતે તેમણે સ્પષ્ટતા કરી નથી. પરંતુ ભામહે અનેક ત્યાજય દોષોનું નિરૂપણ કર્યુ છે આથી અસ્પષ્ટ દષ્ટિએ સ્વીકારીએ કે ભામહને શબ્દઢ ાર્થ દોષ રહિત અભિપ્રેત રહેશે. કાવ્યના લક્ષણમાં 'અદોષ' શબ્દને સ્થાન આપનાર વામન પ્રથમ છે. તેમની દષ્ટિએ ગુણ તથા અલંકારથી સુંદર બનેલા શબ્દાર્થ જ કાવ્ય છે. ?૭ આગળ વામન કહે છે કે 'ગુણોના નિરૂપણ અને દોષોનાં ત્યાગથી કાવ્યમાં સુંદરતા ઉત્પન્ન થાય છે.૮ આમ જે બાબત ભામહમાં અસ્પષ્ટ હતી તે વામને સ્પષ્ટ રૂપમાં દર્શાવી છે. ટૂંકમાં કાવ્યત્વ દોષ રહિત હોવું જોઈએ.

આચાર્ય મમ્મટ પૂર્વે ભોજરાજે પણ કાવ્ય લક્ષણમાં નિર્દોષત્વને આવશ્યક અંગ દર્શાવ્યું છે. નિર્દોષ, ગુણયુક્ત, અલંકારોથી અલંકૃત, રસાન્વિત કાવ્યથી કવિને કીર્તિ અને પ્રીતિ પ્રાપ્ત થાય છે.'૯ આમ, આચાર્ય મમ્મટને પોતાના કાવ્યલક્ષણમાં 'અદોષૌ' પદનો વિન્યાસ કર્યો છે.

पादटीप :

1 तददोषौ शब्दार्थो सगुणावनलङ्कृती पुनः क्वापि । – आचार्य मम्मट, काव्य प्रकाश, १–४

२ शब्दार्थौ सहितौ काव्यम् – भामह – काव्यालंकार

3 रमणीयार्थप्रतिपादकः शब्दः काव्यम् । – जगन्नाथ रसगंगाधर

4 नाकवित्वमधर्माय व्याधये दण्डनाय वा
कुकवित्वं पुनः साक्षान्मृतिमाहुर्मनीषिणः ।।
विलक्ष्मणा हि काव्येन दुःसुतेन निन्द्यते । – भामह – काव्यालंकार १–११–१२

5 तदल्पमपि नोपेक्ष्यं काव्ये दुष्टं कथश्चन ।
स्याद्वपुः सुन्दरमपि श्चित्रेणैकेन दुर्भगम् ।। – दंडी – काव्यदर्शन १/७

6 यः कौमारहरः स ईव हि वरस्ता ईव चैत्रक्षपास्ते चोन्मालितमालतीसुरभयः प्रौढाः कदम्बानिलाः । सा चैवास्मि तथापि तत्र सुरतव्यापारलीलाविधौ खेरोधसिक वेतसीत५तले चेतः समुत्कण्ठते ।। १ ।। – मम्मट – काव्यप्रकाश, वृति, १–१

7 अङ्गीकरोति यः काव्यं शब्दार्थावनलंकृती ।
असौ न मन्यते कस्मात् अनुष्णमनलंकृती ।। – जयदेव – चन्द्रालोक १/८

8 काव्य – शब्दो गुणालंकृतयोः शब्दार्थयोः वर्तते । – बलदेव उपाध्याय – भारतीय साहित्यशास्त्र, पृ। ४१०

9 अेजन, पृ। ४१८
स दोष – गुणालंकार – हानादानाभ्याम् । १/१/३